રે.દિ.મુ.નં.૫૩/૨૫

## <u>વાદીની આંક:૫ ની મનાઈ અરજીનીચે હુકમ</u>

(૧) આ કામના વાદીની દાવાની ટુકમાં હકીકત એવી છે કે,આ કામના વાદીની મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના મોજે મહીકા ગામના ખાતા નં.૨૧ થી સર્વે નં.૨૦/૪ પેકી ૨ હે.આરે.૦–૫૯–૦૧ ચો.મી. વાળી જમીન મહીકા હદમાં આવેલ છે.જેમાં પચ્ચીમ દીશામાં નેશનલ હાઈવે આવેલ છે.જેમાં રોજગાર માટે સને ૨૦૧૬માં દુકાનોનુ બાંધકામ કરેલ છે.જેમા અલગ અલગ નામથી કુલ ૧૭ દુકાન ચલાવતા હોવાનુ અને વાદીની દુકાનમાં અનાજ,કરીયાણુ,ઠંડાપીણા વિગેરે તથા હાર્ડવેરને લગતી હાઇટમો,ખેતીના સાધતો વિગેરે તથા મેડીકલ સ્ટોર,લેબોરેટરી,કુટવેર,ઈલેકટ્રીક ,કેક શોપ વિગેરે બાબતે ધંધો કરતા હોવાનુ જણાવેલ છે.તેમજ બાંધકામની મંજુર મહીકા ગ્રામ પંચાયત તરફથી તા.૧૯/૦૪/૧૬ના રોજ આપેલ હોવાનુ તથા તા.૦૨/૦૯/૧૬ ના રોજ પંચાયતના દાખલ આધારે પ્રતિવાદી કંપની પાસે વીજ કનેકશનની માંગણી કરતા  વીજળીનુ કનેકશન સને ૨૦૨૧ ની સાલમા આપેલ હોવાનુ જણાવેલ છે.જેના મીટર નંબર તથા દુકાનનુ નામ તથા ગ્રાહક નંબર કુલ–૧૭ દુકાનોમાં વીજ કનેકશન આપેલાનુ જણાવેલ છે.જે કનેકશન વાદી અવીરત પણે ઉપયોગ કરતા આવેહ હોવાનુ જણાવેલ છે.તેમજ પ્રતિવાદીએ તા.૩૦/૦૩/૨૫ ના રોજ વીજ જોડાણ બાબતે નોટિસ આપી જગ્યા બીન ખેતી થયેલ તેના આધાર પુરાવા દિન–૭ માં રજુ કરવા જણાવેલ હોય  વાદી વર્ષોથી વીજ કનેકશનનો ઉપયોગ કરતા હોય જેથી વીજ કનેકશન દુર કરવામાં આવે તો નાણાંમાં આંકી શકાય તેવા નુકશાનની શકયતા રહેલાનુ જણાવે છે. જેથી પ્રતિવાદી સામે દાવો કરી વચગાળાના મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી રજુ કરેલ છે.

(૨) વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો પ્રતિવાદી તર્ફે આંક:૧૦ થી લેખીત વાંધા જવાબ રજુ કરેલ છે.જેમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ઈનકાર કરી ખર્ચ સહીત રદ્ કરવા જણાવેલ છે.

(૩) વાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અ.નં | દસ્તાવેજની વિગત | માર્ક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | લાઇટ બીલ તથા નોટિસ કુલ–૩૩ | ૩/૧ થી ૩/૩૩ |
| ૩૪ | ખાતા નં.૨૧ નો ૮–અ ની નકલ | ૩/ ૩૪ |
| ૩૫ | સ.નં.૨૦/૪ પૈકી ૨ ના નમુના ૭ ની નકલ | ૩/૩૫ |
| ૩૬ | સ.નં.૨૦/૪ પૈકી ૨ ના નમુના ૧૨ ની નકલ | ૩/૩૬ |
| ૩૭ | ગ્રામ પંચાયતનો દાખલો | ૩/૩૭ |
| ૩૮ | બાંધકામ મંજરી | ૩/૩૮ |
| ૩૯ | વેરા પહોંચ | ૩/૩૯ |
| ૪૦ | બાંધકામ પ્લાન | ૩/૪૦ |
| ૪૧ | દુકાનોના ફોટા ૧ થી ૨૦ | ૩/૪૧ |

(૪) વાદી તર્ફે દલીલ કરી જણાવેલ છે કે,આ કામના વાદીની માલીકીની જગ્યામાં બનાવેલ કોમ્પલેક્ષમાં આવેલ દુકાનમાં સને ૨૦૧૬ થી દુકાનમાં પ્રતિવાદી પી.વી.સી.એલ.કંપની માંથી અરજી સાથે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરી વીજ કનકેશન લીધેલ છે.જેથી પ્રતિવાદી કંપનીના કાયદેસરના ગ્રાહક છે.મહીકા ગામના ત્રાહીત ઇસમની અરજીના આધારે વાદીને નોટિસ આપવામાં આવેલ છે.વાદીને જરૂરી દસ્તાવેજો રજુ કરતા વીજન કનેકશન આપેલ છે.વાદી નિયમીત વીજ બીલની રકમ ભરપાઇ કરે છે.જેથી વાદીનુ કનેકશન ડીશકનેકટ કરવામાં આવે તો વાદીને નાણાંમા ભરપાઇ ન થાય તેવુ નુકશાન જવાની સંભાવના છે.વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે.તેમજ સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે.જેથી વાદીની મનાઇ અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,વાદીની દાવા અરજી તથા મનાઇ અરજીનો આંક:૧૦ થી લેખીત વાંધા જવાબ રજુ કરેલ છે.જેમાં વિગતવાર હકીકતો જણાવેલ છે.આ કામના વાદીને જે જગ્યામાં દુકાન ચલાવે છે તે જગ્યા બીન ખેતી થયેલ છે કે નહી તે બાબતે પુરવા રજુ કરવા નોટિસ આપવામાં આવેલ છે.જેથી તા.૨૯/૦૩/૨૫ ના રોજ નોટિસ આપેલ હોવા છતા આજદીન સુધી કોઇ પુરાવા રજુ કરેલ નથી.તેમજ ખોટી હકીકતો જણાવી કોર્ટમાં દાવો કરેલ છે.જેથી વાદીની મનાઇ અરજી રદ્ કરવા રજુઆત કરેલ છે.

(૬) ઉપરોકત હકીકતોના નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

(૧)શું વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે ?

(૨)શું બેલેન્સ ઓફ કનવીયન્સ વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાંણાથી ભરપાઇ ન થાય તેવા નુકશાનની શકયતા રહેલી છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧)હકારમાં

(૨)હકારમાં

(૩)હકારમાં

(૪)આખરી હુકમ મુજબ

:–**મુદા નં.૧ થી ૩ ના જવાબના સંયુકત કારણો:–**

(૮) ઉપરોકત મુદ્ા નં.૧ થી ૩ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય મુદ્ા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા કરેલ છે.કાશી મઠ સમસ્થાન અને બીજા વી.શ્રીમદ સુધીન્દ્ તીર્થ સ્વામી અને બીજાના ચુકાદામાં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, “ It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.”

તેમજ કોલગેટ પામોલીવ લી.વી. હિન્દુસ્તાન લીવલ લી.ના ચુકાદામાં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, "The object of interlocutory injunction is to protect the plaintiff against the injury by reason of violation of his

right and relief by way of interlocutory injunction is granted to mitigate the risk of injustice to the plaintiff during the period before the uncertainty could be resolved. Generally, the interlocutory remedy by way of a grant of an order of injunction is intended to preserve and maintain in status quo the rights of the parties and to protect the plaintiff, being the initiator, of the action against incursion of his rights and for which there is no appropriate compensation being quantified in terms of damages. The basic principle of the grant of an order of injunction is to assess the right and need of the plaintiff as against that of the defendant and it is a duty incumbent on to the law Courts to determine as to where the balance lies. Another redeeming feature in the matter of grant of interlocutory injunction is that in the event of a grant of injunction in regard to a party defendant where the latter's enterprise has commenced, and in that event the consideration may be somewhat different from that where the defendant is yet to commence its enterprise."

જેથી ઉપરોકત પ્રસ્થાપિત સીંધ્ધાંતો ધ્યાને લેતા વાદીએ મનાઇ હુકમ ની દાદ મેળવવા માટે પોતાનો પ્રથમ દર્શનીય કેશ પુરવાર કરવો જરૂરી છે.વાદી તથા પ્રતિવાદી તર્ફેની દલીલો તથા રજુ કરેલ દસ્તાવેજોનુ ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરેલ છે.

(૯) વાદીની દાવા અરજીની હકીકતો તથા મનાઇ અરજીની હકીકતો જોતા આ કામના વાદીએ પ્રતિવાદી વીજ કંપની માંથી કાયદેસર રીતે વીજ કનેકશન લીધેલ છે.વાદીએ વીજ કનકેશન ચોરી કરી ને લીધેલ હોય કે ગેરકાયદેરસ રીતે દસ્તાવેજો ઉભા કરી ખોટા દસ્તાવેજો બનાવી વીજ કનેકશન લીધેલ હોય તેવુ પ્રતિવાદીનો લેખીત જવાબ નથી.તેમજ પ્રતિવાદી તર્ફે વાંધા જવાબ સાથે નીચમ મુજબ ખેતીની જમીનમાં એન.આર.જી.પી.હેતુનુ વીજ કનેકશન આપી ન શકાય તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.તેમજ વાદી તર્ફેની માર્ક ૩/૧ ની પ્રવિતાદીએ આપેલ નોટિસ ધ્યાને લેતા મહીકા ગામના રહીશ ચાવડા વીજયકુમાર શીવાભાઇ ની અરજી આધારે પ્રતિવાદીએ વાદીને નોટિસ આપેલ છે.જે નોટિસના સર્મથનમાં પ્રતિવાદીએ દાવા જવાબના સર્મથનમાં કોઇ આધાર

રજુ કરેલ નથી.તેમજ વાદીએ સને ૨૦૧૬ માં પ્રતિવાદીએ વીજ કનેકશન આપેલાનુ જણાવેલ છે.જેથી ૯ વર્ષ બાદ હાલની પ્રતિવાદી તર્ફે નોટિસ આપેલ છે.જેથી હાલના તબકકે વાદીનો કેશ જોતા વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે.તેમજ વાદીનુ વીજ કનેકશન કાપી નાંખવામાં આવે તો વાદીને નાંણાથી ભરપાઇ ન થાય તેવા નુકશાનની શકયતા રહેલ છે.તેમજ સગવળતાની સમતુલા વાદીની તરફેણમાં છે.જેથી વાદી તર્ફેની દલીલોનો સ્વીકાર કરુ છુ અને મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં આપી મુદા નં.૪ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

(૧)આથી વાદીની મનાઇ અરજી આથી મંજુર કરવામાં આાવે છે.આ કામના પ્રતિવાદીએ વાદીનુ વીજ કનેકશન  દાવાના આખરી નિર્ણય સુધી વીજ જોડાણ ડીસકનેકટ કરવુ નહી તેવો મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે.

(૨)અરજીનુ ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આજરોજ હુકમ તા.૨૧ માહે જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ સહી કરી જાહેર કર્યો.

સ્થળ:વાંકાનેર

(વી.એસ.ઠાકોર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
જી.જે.૦૧૨૨૪